આર્થિક સહાયતા મેળવવા માટેની અરજી, આર્થિક સહાયતા મેળવવા માટેની નીતિ, સરળ ભાષામાં સાર અને બિલિંગ અને વસૂલીની નીતિની મફત નકલ અંગ્રેજી, સ્પેનિશ અને આર્થિક સહાયતા મેળવવા માટેની અરજીમાં વર્ણવવામાં આવેલા માપદંડોને પૂરા કરતી અન્ય ભાષાઓમાં ઉપલબ્ધ છે અને તે નીચે મુજબ મેળવી શકાય છે:

- હૉસ્પિટલના પ્રવેશ/નોંધણી વિભાગનો સંપર્ક કરીને
- +1 713.338.5502 અથવા +1 1.800.526.2121 પર કૉલ કરીને, વિકલ્પ 5
- ટપાલથી અરજી મંગાવીને: 909 Frostwood ધ્યાન આપો: PBS Financial Assistance Houston, TX 77024
- મેમોરિયલ હરમૅન હેલ્થ સિસ્ટમની વેબસાઇટ પરથી અરજીપત્રક ડાઉનલોડ કરીને: http://www.memorialhermann.org/financialassistanceprogram/

**મેમોરિયલ હરમૅન હેલ્થ સિસ્ટમ**
તમે આર્થિક સહાયતા, મેડિકેઇડ, મેડિકેર અથવા અન્ય કાર્યક્રમો માટે લાયક સાબિત થાઓ છો કે નહીં તે જોવા અને અરજી કરવામાં મફત ગોપનીય સહાયતા મેળવવા માટે, અહીં સંપર્ક કરો:

**પેશન્ટ બિઝનેસ સર્વિસીઝ**
909 Frostwood Dr., Suite 3:100
Houston, TX 77024
ધ્યાન આપો: PBS Financial Assistance

ફોન: +1 713.338.5502 અથવા
+1 1.800.526.2121, વિકલ્પ 5
ઇ-મેલ: Patient.Billing@memorialhermann.org

શુક્રવાર: સવારે 8થી સાંજે 5 વાગ્યા સુધી
સોમવારથી ગુરૂવાર: સવારે 8થી સાંજે 7 વાગ્યા સુધી

સંસ્કરણ તારીખ: નવેમ્બર 14, 2017

MEMORIAL HERMANN

4411107GU

# દર્દી માટે આર્થિક સહાયતાનો સાર

## સરળ ભાષામાં સાર



### જેના જવાબો આપ્યાં છે તે અગત્યના પ્રશ્નો:

- કઈ સેવાઓ આવરી લેવામાં આવે છે?
- હું સહાયતા માટે કઈ રીતે અરજી કરું?
- સહાયતા માટે કોણ લાયક સાબિત થાય છે?
- આવકની શી મર્યાદાઓ છે?
- હું આવકની મર્યાદાઓના માપદંડ પર યોગ્ય સાબિત ન થાઉં તો?
- હું અરજી કરવા માટે અરજીપત્રક ક્યાંથી મેળવી શકું?

MEMORIAL HERMANN

# આર્થિક સહાયતા મેળવવા માટેની નીતિ (FAP)

મેમોરિયલ હરમૅન હૅલ્થ સિસ્ટમ આકસ્મિક અથવા તબીબી રીતે જરૂરી હૉસ્પિટલની સંભાળ આવક, કુટુંબના કદ અને સંઘીય ગરીબી સ્તરના આધારે લાયક દર્દીઓને આંશિક રીતે અથવા પૂર્ણત: રાહતદરે આર્થિક સહાયતાની દરખાસ્ત આપે છે. આર્થિક સહાયતા મેળવવા ઇચ્છતા દર્દીઓએ કાર્યક્રમ માટે અરજી કરવાની રહેશે, જેનો સાર આ દસ્તાવેજમાં આપ્યો છે.

## કઈ સેવાઓ આવરી લેવામાં આવે છે?

આર્થિક સહાયતા મેળવવા માટેની નીતિ (FAP) મેમોરિયલ હરમૅન હૉસ્પિટલ ખાતે પૂરી પાડવામાં આવતી ઇમર્જન્સિ અને તબીબી રીતે જરૂરી સેવાઓને આવરી લે છે.

આર્થિક સહાયતા મેળવવા માટેની નીતિ આ સેવાઓને આવરી લેતી નથી: કૉસ્મેટિક વિધિઓ, એવા ફિઝિશિયનો અને અન્ય પ્રદાતાઓ દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓ જેઓ મેમોરિયલ હરમૅન હૉસ્પિટલ ખાતે તમારી સારવાર કરે, પરંતુ હૉસ્પિટલ દ્વારા જેમને નોકરી પર રાખવામાં આવ્યા ન હોય, અથવા એવા પ્રદાતાઓ કે જેઓ પોતાની સેવાઓ માટે હૉસ્પિટલથી અલગ રીતે બિલ આપે છે.

## કેવી રીતે અરજી કરવી

આર્થિક સહાયતા મેળવવા માટેની નીતિ અને અરજી રૂબરૂમાં, ટપાલથી, ટેલિફોનથી અને મેમોરિયલ હરમૅનની વેબસાઇટ દ્વારા મેળવી શકાય છે. અરજી પૂરી કરો, માંગવામાં આવેલા દસ્તાવેજો સાથે સામેલ કરો અને હૉસ્પિટલના પ્રવેશ/નોંધણી વિભાગને અથવા આ પુસ્તિકાની પાછળ આપેલા સરનામે સુપ્રત કરો.

## આવકની મર્યાદાઓ

લાયકાત સાબિત કરતું એક પરિબળ એ નીચેના કોષ્ટક પર આધારિત આવક છે:

**2020 ની ગરીબીના નિર્દેશો**

| કુટુંબ/ઘરમાં સભ્યોની સંખ્યા | વાર્ષિક આવક |
|---|---|
| 1 | $ 12,760 |
| 2 | $ 17,240 |
| 3 | $ 21,720 |
| 4 | $ 26,200 |
| 5 | $ 30,680 |
| 6 | $ 35,160 |
| 7 | $ 39,640 |
| 8 | $ 44,120 |

8થી વધુ સભ્યો હોય તેવા કુટુંબો/ઘરો માટે: દરેક વધારાના સભ્ય દીઠ $4,480 ઉમેરો.

## આર્થિક સહાયતા મેળવવા માટે કોણ લાયક છે?

આર્થિક સહાયતાની રકમનો આધાર તમારી આવક, કુટુંબના કદ અને સંઘીય ગરીબી સ્તર પર રહેલો છે. સંઘીય ગરીબી સ્તરના 200% કે તેથી ઓછી કૌટુંબિક આવકવાળા દર્દીઓ 100% વળતર મેળવવાના અધિકારી બની શકે છે. સંઘીય ગરીબી સ્તરના 200%થી વધુ કૌટુંબિક આવક ધરાવતા દર્દીઓ વળતર મેળવવાના અધિકારી હોઈ શકે છે.

નીતિમાં આપેલી વિસ્તૃત માહિતી આ લિંક પર જુઓ: **http://www.memorialhermann.org/financialassistanceprogram/**

લાયક દર્દીઓ પાસેથી ઇમર્જન્સિ અથવા અન્ય તબીબી રીતે જરૂરી સંભાળ માટે વીમા આરક્ષિત દર્દીઓને આપવામાં આવતી બિલની સામાન્ય રકમ (AGB) કરતાં વધારે ચાર્જ લેવામાં આવશે નહીં.

ઓળખના પુરાવા તરીકે તસ્વીરી ઓળખનાં નીચેનાં સ્વરૂપો સ્વીકાર્ય છે:

- રાજ્ય તરફથી ઇસ્યૂ કરાયેલ ડ્રાઇવર લાયસન્સ અથવા ઓળખપત્ર
- વિદ્યાર્થી ઓળખપત્ર
- પાસપોર્ટ (અમેરિકન અથવા વિદેશી)
- યુ.એસ. ઇમિગ્રેશનના દસ્તાવેજ
- વિદેશી કૉન્સ્યુલેટ તરફથી ઇસ્યૂ કરાયેલ ઓળખપત્ર
- ક્રેડિટ કાર્ડ (ફોટા સાથે)